### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે

# સયાજીગંજ વિધાનસભાના ધારાસભ્ય કેયુરભાઈ રોકડીયાના 'નારાયણ સેવા કાર્યાલય'નું ઉદ્દઘાટન




વડોદરા, તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સયાજીગંજ વિધાનસભાના ધારાસભ્ય કેયુરભાઈ રોકડીયાના 'નારાયણ સેવા કાર્યાલય'નું ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રજાની સેવા એ જ ગુજરાત સરકારનો સંકલ્પ અને લક્ષ્ય હોવાનું મુખ્યમંત્રીએ જણાવી ધારાસભ્યઓને ટેક્નોલોજીના માધ્યમથી લોકોને મહત્તમ સરકારી યોજનાઓનો લાભ આપવા અનુરોધ કર્યો હતો.

પ્રજાના સમયે જ આ કાર્યાલયમાં સેવા મળશે તેવું હળવી શૈલીમાં કહી ટેક્નોલોજીથી સજ્જ અને અદ્યતન કાર્યાલયથી પ્રજાની ખૂબ સારી સેવા થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. અંતિમ પંક્તિના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવાની પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યશૈલી અને પ્રયત્નશીલતાને ટીમ ગુજરાત આગળ ધપાવી રહી હોવાનું જણાવી પટેલે દરેક સરકારી યોજનાઓના કેન્દ્રમાં ગરીબ, વંચિત અને છેવાડાનો માનવી હોવાનું સ્પષ્ટપણે જણાવ્યું હતું.

પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, આજે લોકોને વિશ્વાસ છે કે તેમની સાથે કોઈ હશે કે નહીં હોય પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર હરહંમેશ છે. પ્રજાના અડગ વિશ્વાસનું વળતર વિકાસ થકી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પહોંચાડ્યું છે, તેવું જણાવી તેમણે પ્રજાની વચ્ચે અને પ્રજાની સાથે રહીને પ્રજાને પડતી મુશ્કેલીઓને દૂર કરવા સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું કહ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કલ્યાણકારી યોજનાઓ સેચ્યુરેશન પોઈન્ટ સુધી પહોંચે એટલે કે ૧૦૦ ટકા લાભાર્થીઓને તેનો લાભ મળે તે સુનિશ્ચિત કર્યું છે, તેમ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું. પહેલા લોકોને યોજનાઓ વિશે જ ખબર ન્હોતી અને ના તો તેમનો લાભ મળતો હતો. પરંતુ, હવે ડિજિટલ ઈન્ડિયાના વિઝન અંતર્ગત પ્રજાને ઘર બેઠા સરકારી યોજનાઓનો લાભ આંગળીના ટેરવે મળતો હોવાનું ઉમેર્યું હતું.

એક કામ પૂર્ણ થતાની સાથે જ બીજું કામ તૈયાર હોય છે, તેમ જણાવી મુખ્યમંત્રીએ પ્રજાને કોઈ તકલીફ પડે તો જનપ્રતિનિધિ અથવા તો સરકારનો સંપર્ક કરવા તાકીદ કરી હતી. સરકારી યોજનાઓનો લાભ ન મળતો હોય તો સરકાર કે સરકારી તંત્રનો સંપર્ક કરો, તમારુ કામ થઈ જશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ લોકસુખાકારી પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. ધારાસભ્ય કેયુરભાઈ રોકડીયાએ તેમના પિતાના નામ પર આ કાર્યાલયનું નામ રાખ્યું હોવાનું અને તેમના જન્મદિવસ પર જ ઉદ્દઘાટન કર્યું હોવાનો અનોખો સંગમ થયો હોવાનું જણાવી મુખ્યમંત્રી પટેલનો આભાર માન્યો હતો. કાર્યાલયની કાર્યપદ્ધતિથી વાકેફ કરતા રોકડીયાએ કહ્યું કે, આ કાર્યાલયથી સયાજીગંજ વિધાનસભાના લોકોની સુવિધામાં ખૂબ વધારો થશે. અદ્યતન ટેક્નોલોજીથી સજ્જકાર્યાલયમાં કોઈ પણ મુલાકાતી આવી શકે છે અને તેમની સરકારી કામ કે યોજના સંદર્ભે કોઈ પણ મુશ્કેલીનું નિવારણ મેળવી શકે છે તેમ તેમણે મક્કમપણે જણાવ્યું હતું. કોમન સર્વિસ સેન્ટરના તર્જ પર બનાવાયેલા આ કાર્યાલયથી પ્રજાને વન સ્ટોપ સોલ્યુશન મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમ રોકડીયાએ જણાવ્યું હતું. ભવિષ્યમાં ગ્રીન બિલ્ડીંગ અને આઈ. એસ. ઓ. સર્ટિફિકેશન માટે પણ પ્રયાસો કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉદ્દઘાટન સમારોહમાં ધારાસભ્ય યોગેશભાઈ પટેલ, શૈલેષભાઈ મહેતા, ચૈતન્યભાઈ દેસાઈ, મનીષાબેન વકીલ, મેયર નિલેશભાઈ રાઠોડ, સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, અગ્રણી ડો. વિજયભાઈ શાહ, ગોરધનભાઈ ઝડફીયા સહિત સંગઠનના પદાધિકારીઓ, કાઉન્સિલરઓ, કાર્યકરો, લાભાર્થીઓ અને સયાજીગંજ વિધાનસભાના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને

# નાણાકીય સાક્ષરતા અંગે જાણકારી આપવા આરબીઆઈ દ્વારા જિલ્લા કક્ષાની ક્વિઝ સ્પર્ધા યોજાઈ

વડોદરા, તા.૨૯

વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને નાણાકીય સાક્ષરતા અંગે જાણકારી મળી રહે તે હેતુથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા રાજ્ય વ્યાપી ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેના ભાગરૂપે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે જિલ્લા કક્ષાની આર.બી.આઈ ક્વિઝનું સ્પર્ધા યોજાઇ હતી.આ સ્પર્ધામાં વડોદરા જિલ્લાના આઠ તાલુકાની આઠ અને વડોદરા કોર્પોરેશનની એક સહિત કુલ ૦૯ ટીમો વચ્ચે જિલ્લા કક્ષાની આર.બી.આઈ ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી.

આ ક્વિઝ સ્પર્ધા લેખિત અને ઓન-સ્ટેજ રાઉન્ડમાં યોજાઈ હતી. જેમાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે પાદરા તાલુકાની ઉમરાયા પ્રા.શાળા, દ્વિતીય ક્રમે સાવલી તાલુકાની મંજુસર પ્રા.શાળા અને તૃતીય ક્રમે ડભોઈ કન્યા શાળા -૧ ની ટીમ વિજેતા બની હતી. વિજેતા ત્રણેય ટીમને અનુક્રમે રૂ.૧૦ હજાર, રૂ. ૭૫૦૦ અને રૂ.૫૦૦૦નું ઈનામ, શિલ્ડ, પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ભાગ લીધેલ તમામ ટીમને પ્રમાણપત્ર તથા સાહિત્ય આપી પ્રોત્સાહિત કરવામાં કરાઈ હતી.પ્રથમ ક્રમે રહેલી વિજેતા ટીમ આગામી જુલાઈ માસમાં ગાંધીનગરમાં યોજાનાર રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે એમ લીડ બેંક મેનેજર શ્રી સુચિતકુમારે જણાવ્યું છે.

આ ક્વિઝ સ્પર્ધામાં બેન્ક ઓફ બરોડાના અધિકારીઓ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના અધિકારીઓ,સમગ્ર શિક્ષા કચેરીના પ્રતિનિધિઓ, બી.આર.સી ઉપસ્થિતિ રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રિયંકાબેન સોલંકી અને દક્ષાબેન પટેલે ખંડ નિરીક્ષક તરીકે અને જયશ્રીબેન રામે ક્વિઝ માસ્ટર તરીકે ફરજ બજાવી હતી.

### મુખ્યમંત્રીના હસ્તે વડોદરાને અદ્યતન એમઆરઆઈની સુવિધાની ભેટ

# એસ.એસ.જી. હોસ્પીટલમાં ૯.૩૮ કરોડના અત્યાધુનિક એમ.આર.આઇ. મશીનનું મુખ્યમંત્રીએ કર્યું લોકાર્પણ



વડોદરા, તા.૨૯

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ વડોદરાની મુલાકાત અંતર્ગત લોકહિતાર્થે વિવિધ સુવિધાઓ ખુલ્લી મૂકવામાં આવી છે ત્યારે એસ.એસ.જી હોસ્પિટલ ખાતે રૂ. ૯.૩૮ કરોડની (MRI) મેગ્નેટીક રેસોનન્સ ઇમેજીંગ) અદ્યતન સુવિધાનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.

એમ.આર.આઈ. મશીનની સુવિધાઓમાં ૧૬ ચેનલ, તમામ કોઇલ સહિત કાર્ડિયાક સોફ્ટવેર પણ ઉપલબ્ધ છે. આ સુવિધા થકી અત્યંત ખર્ચાળ નિદાન પદ્ધતિ કે જે સરકારી યોજનાઓ હેઠળના દર્દીઓ તેમજ બી.પી.એલ કાર્ડ ધરાવતા દર્દીઓ માટે આ સુવિધા તદન નિઃશુલ્ક ઉપલબ્ધ કરવામાં આવી છે.

તથા અન્ય દર્દીઓ માટે રૂ.૨૦૦૦ ના રાહતદરે આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. તદુપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત અન્ય રાજ્યોના દર્દીઓ પણ બહોળી સંખ્યામાં એસ.એસ.જી. હોસ્પિટલની લાભ લે છે ત્યારે આ સુવિધા તમામ દર્દીઓ માટે ખુજ જ લાભકારી નીવડશે.

મુલાકાત દરમ્યાન આ સુવિધાનો યોગ્ય ઉપયોગ લોકો સુધી પહોંચે તે માટે મુખ્યમંત્રીએ જરૂરી સૂચનો સહિત વાર્તાલાપ કર્યા હતા. વધુમાં એસ.એસ.જી. હોસ્પિટલના કર્મયોગીઓ સાથે સંવાદ સાધ્યો હતો. સરકાર તરફથી ફાળવવામાં આવેલ રૂ.૯,૩૭,૯૦,૦૦૦ ના ખર્ચે તૈયાર કરવામાં આવેલ (MRI) મશીન શરીરના વિભિન્ન ભાગની સામન્યથી લઇને અતિ ગંભીર બીમારીઓના નિદાન માટે ખુબજ ઉપયોગી છે. મુખ્યત્વે મગજની બીમારીઓ જેવી મગજનો ચેપ, મગજની સાદી કે કેન્સરની ગાંઠ, અલઝૈમર અને પાર્કીનસન જેવી ઉંમર સાથે આવતી બીમારીઓનું પણ સચોટ નિદાન MRI થી કરી શકાય છે.

તદુપરાંત હાડકાની સાંધાની સ્નાયુની વિવિધ તકલીફો જેવી કે હાડકાનો કે સાંધાનો ચેપ, સાદી કે કેન્સરની ગાંઠ, સાંધાની ઇજાઓ વગેરેમાં પણ MRI ની તપાસ પણ ખૂબ જ ઉપયોગી છે .

ગર્ભવતી માતાના બાળકના વિકાસ તથા જો કોઈ ખોળખાંપણ હોય તો જે જાણવા MRI એક સચોટ નિદાન પદ્ધતિ છે. જન સુખાકારીમાં વધારો કરતા લોકાર્પણ કાર્યક્રમમાં ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી, સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, મેયર નિલેશ પટેલ, ધારાસભ્ય યોગેશ પટેલ, ધારાસભ્ય મનીષાબેન વકીલ, જિલ્લા કલેકટર અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી મમતા હીરપરા એસ.એસ.જી. હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. રંજન ઐયર, એસ.એસ.જી.ના વહીવટી અધિકારી અને અધિક કલેક્ટર ગોપાલ બામણીયા, મેડિકલ સ્ટાફ, અગ્રણીઓ તેમજ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

# ગુજરાતના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં સતત સ્ક્રીનીંગ કરવામાં આવશે

ગાંધીનગર,તા.૨૯

રાષ્ટ્રવ્યાપી સીકલસેલ એનિમિયા નાબૂદી મિશનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમગ્ર દેશને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરશે. રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના મોટાસડા ગામના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આ કાર્યક્રમમાં હાજર રહેશે.આ સાથે જ અંબાજી થી ઉમરગામના આદિવાસી ક્ષેત્રના મુખ્ય ૧૪ જિલ્લાઓના વિવિધ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આ કાર્યક્રમ યોજાશે. જેમાં ગુજરાત સરકારના વિવિધ મંત્રી સ્થાનિક સાંસદ, ધારાસભ્ય, પદાધિકારીઓ તથા તમામ અધિકારીઓ ઓનલાઇન માધ્યમથી આ કાર્યક્રમ જોડાશે. દેશ આઝાદીના સુવર્ણકાળમાં પ્રવેશે એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં સમગ્ર દેશમાંથી સીકલસેલ એનિમિયા નાબૂદીનો લક્ષ્યાંક છે.આ મિશન અંતર્ગત દેશના ૦ થી ૪૦ ની વયના અંદાજીત ૭ કરોડ જેટલા લોકોનું આ અભિયાન અંતર્ગત સ્ક્રીનીંગ કરવામાં આવશે. જેમાં આ સીકલસેલ એનિમિયા ડિટેક્ટ થતા તેઓની સારવાર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજ્યમાં ૧૪ જિલ્લાઓમાં સીકલસેલ એનિમિયા નાબૂદી અભિયાનનો પ્રારંભ થશે.રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં ખાસ કરીને આ મિશન અંતર્ગત વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સીકલસેલ એનિમિયા એ વારસાગત હિમોગ્લોબીનની ખામીને કારણે થતું જોવા મળે છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૬માં સીકલસેલ એનિમિયા નાબૂદી મિશનનો ગુજરાતમાં પ્રારંભ કર્યો હતો. જેના અંતર્ગત રાજ્યમાં ખુબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.ગુજરાતના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં આદિજાતી વસ્તીમાં સીકલસેલ એનિમિયાના નિદાન માટે નિયમિત પણે સ્ક્રીનીંગ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આશરે ૯૭ લાખ આદિજાતી વસ્તીનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. જેમાંથી ૭.૧૧ લાખ થી વધુ સીક્લસેલ ટ્રેઈટ અને ૩૧ હજાર જેટલા સિક્લસેલ ડીસીઝ શોધી કાઢીને તેમની સારવાર શરૂ કરવામાં આવી છે.મહત્વની બાબત એ પણ છે કે, વર્ષ ૨૦૦૬થી રાજ્યમાં કાર્યરત સીકલસેલ એનિમિયા નાબૂદી મિશન હેઠળની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૧૧ માં ગુજરાતને પ્રધાનમંત્રી એક્સલએન્સ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

# ગુજરાતના પાટીદાર શિક્ષક વિદ્યાર્થીઓના છે ફેવરિટ સર

ઇડર, તા.૨૯

શિક્ષક એવો હોવો જોઈએ વિદ્યાર્થીઓને સારી રીતે જ્ઞાન પિરસે. વિદ્યાર્થીઓને સમજાય એ સ્ટાઈલમાં ભણાવવું પણ એક આવડત છે. શિક્ષણમાં અનોખા અંદાજે તાલીમ આપનાર શિક્ષકો બહુ જ જલ્દી વિદ્યાર્થીઓ વચ્ચે ફેમસ થઈ જતા હોય છે. આવા શિક્ષકો ક્યારેય ભૂલાતા નથી. ઉપરથી આજકાલ વીડિયોના જમાનામાં આવા શિક્ષકોની તાલીમના વીડિયો લોકોમાં પોપ્યુલર થઈ જાય છે. આવા જ એક શિક્ષકનો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. સાબરકાંઠાના ઇડરની પ્રાથમિક શાળા નંબર ૧ ના શિક્ષકનો ગમ્મત સાથે જ્ઞાનના ડાન્સનો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. ઈડરની એક પ્રાથમિક શાળાના શિક્ષક ડાન્સ દ્વારા વિદ્યાર્થીઓનું મનોરંજન કરે છે. ઇડર પ્રાથમિક શાળા-૧ના શિક્ષક હિતેશ પટેલ બાળકોને ડાન્સ સાથે મનોરંજન પુરૂ પાડી રહ્યાં છે. શાળાના એક શિક્ષક ગમ્મત સાથે જ્ઞાન આપવાનું કામ કરી રહ્યાં છે. આ શિક્ષક ૨૦૦૩ થી શિક્ષણવિભાગમાં જોડાયા બાદ આ કાર્ય કરી રહ્યા છે. શિક્ષક હિતેશ પટેલનું ગમ્મત સાથે જ્ઞાનનું કાર્ય છેલ્લા ૨૦ વર્ષથી યથાવત છે. હિતેશ પટેલે ૨૦૦૩ માં શિક્ષક તરીકે ખેડબ્રહ્મા ખેરોજ જૂથ શાળાથી શરૂઆત કરી હતી. ૨૦૧૩ માં વસાઈ ઝઈઝ તરીકે ફરજ બજાવી છે. તેના બાદ ૨૦૧૭ થી ઇડરની શાળા નં ૧ માં શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. ભાર વિનાના ભણતરની આવી પ્રવૃતિઓને કારણે જ તેમણે તાલુકા અને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે. હિતેશ ભાઈ ધોરણ-૬થી ૮માં ગણિત ભણાવે છે પણ તેમના વિષયનો ભાર બાળકો પર ના પડે તેનું પણ તેઓ ખાસ ધ્યાન રાખે છે.

### ભારે વરસાદની આગાહી વચ્ચે અમદાવાદમાં

# વિમાની સેવાને પણ અસર થઇ, કેટલીક ફ્લાઇટ રદ કરાઇ, તો કેટલીક ડાયવર્ડ કરાઇ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૨૯

ચોમાસાનું ગુજરાતમાં સત્તાવાર રીતે આગમન થઈ ચૂક્યું છે. છેલ્લા ૪-૫ દિવસથી ગુજરાતમાં બરાબરનો વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૪ દિવસ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતભરમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે અમદાવાદમાં પણ આજ સવારથી કાળાડિબાંગ વાદળો વચ્ચે વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજા તૂટી પડ્યા હતા. શહેરમાં જોરદાર વરસાદી માહોલ જામતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

અમદાવાદના નરોડા, નવા નરોડા, નિકોલ, કૃષ્ણનગર, સૈજપુર, મેમ્કો, શિવરંજની, શ્યામલ, સેટેલાઈટ, વસ્ત્રાપુર, એસજી હાઈવે, નહેરુનગર, જીવરાજપાર્ક, બોપલ, ઘુમામાં ધોધમાર વરસાદ પડતા રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા. પાણી ભરાવાના કારણે અનેક રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી અને અનેક વાહનો પાણીમાં ફસાઇ ગયા હતા, તો કેટલાક વાહનો બંધ પડી ગયા હતા. વરસાદના કારણે વિઝિબિલિટી ઘટતાં વાહન ચાલકો હેડ લાઇટ ચાલુ કરીને વાહન ચલાવવા મજબૂર બન્યા હતા. એસજી હાઈવે પર સોલા, ગોતા, સાયન્સ સિટી સહિતના વિસ્તારમાં વરસાદને કારણે ઠેર-ઠેર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશનના કહેવા પ્રમાણે, અમદાવાદ શહેરમાં સરેરાશ એક ઇંચ વરસાદ પડ્યો હતો. પરંતુ પૂર્વ વિસ્તારના ઉત્તર ઝોનમાં ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. મોટાભાગના વિસ્તારોમાંથી પાણીનો નિકાલ થઈ ગયો છે, જો કે પૂર્વ વિસ્તારમાં નરોડા નિકોલ સહિતની ત્રણથી ચાર જગ્યાએ હાલમાં પાણી ભરાયેલા છે. જેનો નિકાલ કરવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. દરેક ઝોનમાં લાગેલા સીસીટીવી કેમેરાથી મોન્સૂન કંટ્રોલરૂમમાં મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

દરમિયાન અમદાવાદના સરખેજ બાવળા હાઈવે પર વરસાદ ખાબકતા પાણી ભરાઈ ગયુ હતુ. રસ્તા પર પાણી ભરાતા હાઈવે પર ટ્રાફિક જામ થઈ જતા પોલીસ એકશનમાં આવી હતી અને રસ્તાની બાજુની ગટરો તોડી પાણીનો નિકાલ કરવાની સાથે જ રસ્તા પર પાણીમાં ફસાયેલા વાહનચાલકોને મદદ કરી હતી.

તો બીજી તરફ અમદાવાદ શહેરમાં ભારે પવન સાથેના વરસાદની સીધી અસર હવાઈ માર્ગ પર પડી હતી. જેમાં દિવસ દરમિયાન અમદાવાદ આવી રહેલ ઈન્ડિગો એરલાઈન્સની ત્રણ ફ્લાઈટ્સ દહેરાદૂનથી અમદાવાદ, મુંબઈથી અમદાવાદ અને જયપુરથી અમદાવાદ ડાયવર્ટ કરાઇ હતી તો અમદાવાદ આવતી બે ફ્લાઈટ રદ પણ કરાઈ હતી. જેમાં ઈન્ડિગોની પૂણેથી અમદાવાદ અને લખનઉ -અમદાવાદની ફ્લાઈટ સામેલ છે. ખરાબ હવામાનને કારણે ઘણી ફ્લાઈટ મોડી ચાલી રહી હોવાનું પણ જાણવા મળે છે

# હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરને કારણે થયેલી તબાહીના દ્રશ્યો અતિ ભયાનક

નવીદિલ્હી,તા.૨૯

હિમાચલ પ્રદેશમાં તબાહી વચ્ચે ચાર દિવસ સુધી ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગે આજે પણ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. તે જ સમયે, ૨૮, ૨૯ અને ૩૦ જૂન માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભારે વરસાદને કારણે રાજ્યના ૩૦૧ માર્ગો પર વાહનવ્યવહાર થંભી ગયો છે. સાથે જ વીજળીના ૧૪૦ ટ્રાન્સફોર્મર પણ બંધ કરી દેવામાં આવ્યા છે. જણાવી દઈએ કે ચોમાસાની શરૂઆત બાદ ત્રણ દિવસમાં ૧૦૨.૩૮ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. તે જ સમયે, પોલીસે લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને હવામાનની સ્થિતિ જાણ્યા પછી તેમની મુસાફરીનું આયોજન કરવાની સલાહ આપી છે. આ સાથે નદી-નાળાને અડીને આવેલા વિસ્તારોમાં અને ભૂસ્ખલનવાળા વિસ્તારોમાં ન જવા માટે અપીલ કરવામાં આવી છે. મંડી જિલ્લામાં વરસાદને કારણે ચંદીગઢ-મનાલી નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું છે, જેના કારણે રસ્તો બંધ થઈ ગયો છે. મંડી અને પંડોહ વચ્ચે ઘણી જગ્યાએ પથ્થરો પડવાને કારણે હાઈવે પણ બંધ છે. માર્ગ બંધ થવાના કારણે મુસાફરો ભૂખ્યા-તરસ્યા જામમાં અટવાયા છે. નેશનલ હાઈવેને સાફ કરવા અને વાહનવ્યવહાર પૂર્વવત કરવા માટે મશીનરી લગાવવામાં આવી છે, પરંતુ વારંવાર કાટમાળ પડી રહ્યો છે, જેના કારણે ટ્રાફિકને સરળ રીતે શરૂ કરવામાં મુશ્કેલી આવી રહી છે. બીજી તરફ, મંડી-પઠાણકોટ NH પર ભારે વરસાદને કારણે, કાટમાળ સ્વદ નાળામાં આવતાં ચાર કલાક સુધી રસ્તો બંધ રહ્યો હતો. અહીં જાહેર બાંધકામ વિભાગે JCB તૈનાત કરી છે, રસ્તાઓ પરથી કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે. પરંતુ ભૂસ્ખલનને કારણે રાહત કાર્યને ઘણી અસર થઈ રહી છે. ભારે વરસાદને કારણે અનેક સંપર્ક માર્ગો પર વાહનવ્યવહાર બંધ થઈ ગયો છે. PWD એ રસ્તા પરથી કાટમાળ હટાવવા માટે મશીનરી મોકલી છે. NHAI ના જણાવ્યા અનુસાર સ્વાદ નાલા પાસે હાઈવે પર મોટી માત્રામાં કાટમાળ આવી ગયો હતો. જોકે જેસીબીથી રસ્તો ખાલી કરવામાં આવ્યો છે.

# ખટોદરા રાયકા સર્કલ પાસે મોબાઈલ સ્નેચિંગની વિચિત્ર ઘટના સામે આવી

સુરત, તા.૨૯

સુરત શહેરમાં મોબાઈલ ચોરીની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. તેવામાં ખટોદરા રાયકા સર્કલ પાસે મોબાઈલ સ્નેચિંગની વિચિત્ર ઘટના સામે આવી છે. ૨ ચોર આ સર્કલ પાસે એક કારીગરનો મોબાઈલ ચોરી બાઈક પર ભાગી રહ્યા હતા. તેવામાં સ્થાનિકોએ જ તેમને દાવ કરી દીધો હતો. નોંધનીય છે કે યુવકો મોબાઈલ ચોરી ફરાર થતા હતા ત્યારે તેમનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. જોતજોતામાં સ્થાનિકો પાસે આવતા તેઓ ફરાર થઈ ગયા હતા. પરંતુ પોલીસ તપાસમાં સામે આવ્યું કે આ બાઈક તો તેના મિત્રનું હતું. અને પછી આ સમગ્ર ઘટનાક્રમ પરથી પડદો ઉઠ્યો હતો.

મોબાઈલ સ્નેચિંગ કરતી ગેંગના ૨ સભ્યોએ પોતાના મિત્રએ લીધેલું નવું બાઈક ચલાવવા માટે માંગ્યું હતું. તેના મિત્રએ પણ આ બંનેને પોતાનું બાઈક આપી દીધું હતું. જોકે આ દરમિયાન એક રાઈડ લેવાનું કહી આ ૨ મોબાઈલ ચોરો મિત્રના બાઈક પર મોબાઈલ ચોરી કરવા નીકળ્યા હતા. તેમણે આ દરમિયાન ખટોદરા રાયકા સર્કલ પાસે વહેલી સવારે જ એક કારીગરનો મોબાઈલ ચોરી લીધો હતો. જોતજોતામાં તેઓ આ ચોરી કરી ફરાર થવાની તાકમાં જ હતા.

આ ૨ શખસોએ કારીગરનો મોબાઈલ ઝૂંટવી પણ લીધો હતો. જોતજોતામાં બાઈક ચાલકે નવું બાઈક પૂર ઝડપે દોડાવ્યું હતું. ફૂલ રેસ મારીને તે મિત્રએ બાઈક દોડાવી મૂક્યું હતું. પરંતુ આ દરમિયાન તેઓ રસ્તા વચ્ચે જ બાઈક સ્લિપ થઈ જતા જમીન પર ઢળી પડ્યા હતા. જેમાં તેમને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. જોકે સ્થાનિકોએ તેમને મેથીપાક ચખાડવા દોટ મૂકી એટલે આ ૨ શખસો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જોકે પોતાના મિત્રનું બાઈક પણ અહીં મૂકી ફરાર થઈ ગયા હતા.પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨ મોબાઈલ ચોર બાઈક મૂકી ફરાર થઈ જતા સ્થાનિકો ગુસ્સે થઈ ગયા હતા. જોતજોતામાં સ્થાનિકોએ ગુસ્સામાં તેમના નવા બાઈક પર આગ ચાંપી દીધી હતી.

## અજાણ્યા પુરુષનું મરણ થયું

વડોદરા, તા.૨૯

વડોદરામાં ફતેગંજ ચેકમેટ ઓફિસની સામે બ્રીજ નીચે તા. ૨૪-૦૬ ના રોજ એક અજાણ્યા પુરુષની લાશ મળી આવી છે. મૃતકની ઉંમર આશરે ૬૦ વર્ષ, મધ્યમ બાંધો, રંગે ઘઉં વર્ણ, સફેદ શર્ટ તથા બ્રાઉન રંગનું પેન્ટ પહેરેલું છે. મૃતકના વાલી વારસોને ફતેગંજ પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

Styrenix PERFORMANCE MATERIALS

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩, ગુજરાત.
**CIN:** L25200GJ1973PLC002436
ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨
**E mail :** secshare@styrenix.com | **Website :** www.styrenix.com

**વિડીઓ કોન્ફરેન્સિંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા આયોજિત ૫૦મી વાર્ષિક સાધારણ સભા.**

કંપનીના શેરહોલ્ડરોએ નોંધ લેવી કે ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા જારી સામાન્ય પરિપત્ર નંબરો ૨૦/૨૦૨૦ અને ૧૦/૨૦૨૨, અનુક્રમે તારીખ ૦૫મે, ૨૦૨૦, તથા ૨૮, ડિસેમ્બર, ૨૦૨૨ તથા સિક્યુરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા જારી લાગુ પડતા પરિપત્રો અને અન્ય લાગુ પડતા બધાજ કાયદા અને પરિપત્રોના અનુપાલન સ્વરૂપ કંપનીની ૫૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) મિટિંગની નોટિસમાં દર્શાવિલ કામકાજ કરવા માટે ગુરૂવાર, ૧૦મી ઓગષ્ટ, ૨૦૨૩ ના રોજ ભારતીય સમય અનુસાર બપોરે ૩.૦૦ વાગ્યાથી વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા યોજાશે.

- ઉકત પરિપત્રો અંતર્ગત એજીએમની નોટિસની ઇકલેકટ્રોનિક કોપીઓ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૦૨૩ કંપની / ડીપોઝિટરી સહભાગી(ઓ) પાસે જેમનાં ઇ-મેઇલ સરનામાં નોંધાયેલાં છે તે બધા શેરહોલ્ડરોને મોકલવામાં આવશે.
- ડીમટીરિયલાઈઝડ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરો અને જેમનાં ઈ-મેઈલ સરનામાંની નોંધણી થઈ નથી તેમને તેમનાં ઈ-મેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો તેમની ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા તેમની સંબંધિત ડિપોઝિટરીઓ પાસે નોંધવી દેવા વિનંતી છે.
- ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોને તેમના હોલ્ડિંગ્સ ડિમેટ કરવાની અથવા તેમના ઈ-મેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો અને ડિવીડન્ડ મેળવવા માટે બેંકની વિગતો ઇન્વેસ્ટર સર્વિસ રીક્વેસ્ટ ફોર્મ્સ (ISR-1 અને ISR-2) ભરીને કંપનીના રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ, લીંક ઇનટાઇમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ ને મોકલી આપવા વિનંતી છે. ઉપરોક્ત ફોર્મ્સ કંપનીની વેબસાઇટ www.styrenix.com અને આરટીએ ની વેબસાઇટ https://web.linkintime.co.in/KYC-downloads.html પર ઉપલબ્ધ છે.
- ડીમટીરિયલાઈઝડ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોએ ડિવીડન્ડ મેળવવા માટે તેમનાં બેંક/ઇસીએસ ની વિગતો તેમની ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા તેમની સંબંધિત ડિપોઝિટરીઓ પાસે નોંધાવી દેવા વિનંતી છે.

શેરહોલ્ડરોને ઇલેકટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા એજીએમની નોટિસમાં આપ્યા મુજબના રીઝોલ્યુશનના વિષયો પર એજીએમ પહેલાં અથવા એજીએમ દરમ્યાન, તેમના મત આપવાની તક મળશે. ડીમટીરિયલાઈઝડ સ્વરૂપ તથા ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેર હોલ્ડરો અને જેમનાં ઇમેઇલ સરનામાં નોંધાયા નથી, તેવા શેરહોલ્ડરો માટે દૂરથી અથવા એજીએમ દરમ્યાન મતદાન આપવાની પદ્ધતિ શેરહોલ્ડરો માટેની નોટિસમાં આપવામાં આવશે.

૫૦મી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૦૨૩, કંપનીની વેબસાઇટ www.styrenix.com પર, શેરબજારોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com અને એનએસડીએલ ની વેબસાઇટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ કરાશે.

**શેરહોલ્ડરો કૃપા કરીને નોંધ લે કે, ઉકત ઉલ્લેખિત પરિપત્રોને ધ્યાનમાં લેતાં કંપની, એજીએમની નોટિસની અને વાર્ષિક અહેવાલની નકલો શેરહોલ્ડરોને ભૌતિક સ્વરૂપમાં મોકલાવશે નહીં.**

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ માટે**
સહી/-
તારીખ : ૨૯ જુન, ૨૦૨૩ — **અભિજાત સિન્હા**
સ્થળ : વડોદરા — હેડ લીગલ એન્ડ કંપની સેક્રેટરી